# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**સિસ્ટમ નખશીખ નિષ્ફળ** | ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે વહીવટી તંત્ર અને જનપ્રતિનિધિઓની પોલ ખોલી

# મહેમદાવાદ પંથકમાં ૫૦ બાળ લગ્ન થયા : સાંસદ

**દીકરીઓ** કુમળી વયે માતા બનતી હોવાના સરકારી સર્વેએ તંત્રની ઉંઘ ઉડાડી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

ખેડા જિલ્લામાં આયોજિત એક જાહેર મંચ પરથી સાંસદ દેવુસિંહ ચૌહાણે પોતાની જ સરકારના વહીવટી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ફળતાનો આત્મીયતાપૂર્વક અને સનસનીખેજ સ્વીકાર કર્યો છે. ખેડા જિલ્લામાં ટીબી મુક્ત અભિયાનના કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં સાંસદે ખુલાસો કર્યો કે મહેમદાવાદ પંથકમાં બાળ લગ્નો હજુ પણ બેરોકટોક થઈ રહ્યા છે અને કુમળી વયે દીકરીઓ માતા બની રહી છે. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું કે આ ગંભીર સામાજિક બદીને રોકવામાં સમાજ સુરક્ષા વિભાગ સહિતના નેતાઓ અને જનપ્રતિનિધિઓ ઊણા ઉતર્યા છે.

આ અંગે સ્થાનિક પ્રાંત અધિકારી દ્વારા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના માધ્યમથી સરકારી હોસ્પિટલોમાં થતી પ્રસૂતિના રેકોર્ડના આધારે એક સઘન સર્વે કરાવવામાં આવ્યો હતો. આ સર્વેના આધારે સાંસદે ભરી સભામાં ચોંકાવનારા તથ્યો રજૂ કર્યા હતા. સાંસદે જણાવ્યું હતું કે, કાગળ પર ચાલતા મોટા સરકારી કાર્યક્રમો વચ્ચે જમીની હકીકત ભયાવહ છે. છેવાડાના માનવી સુધી બાળ લગ્ન અટકાવવાનો સંદેશો પહોંચાડવામાં આખી સરકારી મશીનરી ફેલ ગઈ છે. જૂની માન્યતાઓને કારણે હજુ પણ દીકરા-દીકરીઓને વહેલા પરણાવી દેવામાં આવે છે, જેના કારણે જે દીકરી પોતે બાળક છે તેના પર માતૃત્વ લાદવામાં આવે છે.

સાંસદે કરેલા આ સ્ફોટક ખુલાસા બાદ સ્થાનિક રાજકીય અને વહીવટી આલમમાં ભારે ચર્ચા જાગી છે. આંકડાકીય વિગતો રજૂ કરતા તેઓએ જણાવ્યું હતું કે, વિસ્તારમાં અંદાજે ૫૦ જેટલા બાળ લગ્ન થયા છે, જે તંત્રની રહેમનજર વિના શક્ય નથી. પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બાદ હવે દેવુસિંહ ચૌહાણે પણ સરકારી તંત્રની નિષ્ફળતા અંગે જાહેરમાં બોલવાની હિંમત દાખવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ અને ખેડા જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં બાળલગ્નનું દુષણ હજુ પણ યથાવત્ હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ દ્વારા લગ્નસરાની મોસમમાં બાળલગ્ન પ્રતિબંધ અને તેના કડક કાયદા અંગે પ્રચાર પ્રસાર કરે છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ વાતની છે કે, તેઓ ભાગ્યે જ કોઈ કામમાં જઈને વર - વધુના જન્મ તારીખના દાખલા માંગે છે. બાળલગ્ન અટકાવવા જેવી જવાબદારી સંભાળતા વિભાગના અધિકારી એસીમાં બેસી માત્ર બાતમી કે ફરિયાદની રાહ જોતા હોય છે.

### મહેમદાવાદના ગામડાઓની વરવી વાસ્તવિકતા

**૧૭ વર્ષની ઉંમરે:** ૧૮ જેટલી બાળકીઓએ ગર્ભ ધારણ કર્યો.
**૧૮ વર્ષની ઉંમર વટાવે તે પહેલા:** ૪૮ જેટલી દીકરીઓ કુમળી વયે માતા બની ચૂકી છે.
**કુલ અંદાજ:** આ ડેટાના આધારે વિસ્તારમાં અંદાજે ૫૦ જેટલા બાળ લગ્નો થયા હોવાનું ફલિત થાય છે.

### સાંસદના નિવેદન બાદ હવે તપાસનો દોર શરૂ થશે

આ અંગે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એલ. જી. ભરવાડના જણાવ્યા મુજબ, તેમની કચેરી પાસે આવી કોઈ સત્તાવાર માહિતી કે ફરિયાદ ઉપલબ્ધ નથી. જોકે, તેઓએ સ્વીકાર્યું હતું કે આરોગ્ય વિભાગના ડેટામાં ૧૮ વર્ષથી નીચેની સગર્ભા બાળકીઓની નોંધણી પરથી આ આંકડા સામે આવ્યા હોવાની પૂરી શક્યતા છે. સામાન્ય રીતે બાતમી મળતા વિભાગ દ્વારા લગ્ન અટકાવવામાં આવતા હોય છે, પરંતુ આ કિસ્સામાં કોઈ સીધી ફરિયાદ મળી નથી. હવે સાંસદના નિવેદનને ધ્યાને રાખી યોગ્ય તપાસ હાથ ધરવામાં આવશે.

---

# આણંદમાં બાઈકની ટક્કરે સાયકલ સવાર પ્રૌઢનું મોત

**વિદ્યાનગરથી** હોટેલની નોકરી પૂરી કરી ઘરે પરત ફરી રહેલા પ્રૌઢને કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

આણંદ તાલુકાના મેઘવા-નાપા રોડ પર ગત રોજ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. વિદ્યાનગરની હોટેલમાં નોકરી પૂરી કરી સાયકલ પર પોતાના ઘરે પરત ફરી રહેલા એક પ્રોઢને અજાણ્યા બાઈક ચાલકે બેફીકરાઈથી ટક્કર મારતા તેમનું કરુણ મોત નીપજ્યું છે. આ ઘટના અંગે આણંદ રૂરલ પોલીસે ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, બોરસદ તાલુકાના નામણ ગામના વતની ૫૫ વર્ષીય ગોવિંદભાઈ અંબાલાલ પરમાર વિદ્યાનગરની એક હોટેલમાં નોકરી કરતા હતા. તેઓ પોતાની ફરજ પૂરી કરી સાયકલ પર ઘરે જઈ રહ્યા હતા, ત્યારે મેઘવા ગાના ગામ પાસે આવેલ ગાના રોટોમેટીવના ગેટ સામે સામેથી આવતા એક અજાણ્યા બાઈક (નંબર: GJ-૨૩-EG-૫૦૬૧) ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી.

આ ભીષણ અકસ્માતમાં ગોવિંદભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે પ્રથમ બોરસદ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની ગોત્રી જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અકસ્માત સર્જ્યા બાદ બાઈક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે મૃતકના ભાણેજ રજનીભાઈ ડાભીની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે તપાસ શરૂ કરી છે.

---

**કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં 'અર્બન એટલાસ' પ્રોજેક્ટ હેઠળ મહાનગરના વિકાસનું સ્માર્ટ મેપિંગ**

# આણંદ મનપાનો આકાશી ડ્રોન અને GIS ટેકનોલોજીથી 'એક્સ-રે' પડાશે

**જમીન ઉપરની** મિલકતો અને જમીન નીચેની પાઈપ લાઈનોનો ડિજિટલ ડેટાબેઝ તૈયાર થશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૦

કરમસદ-આણંદ મનપા વિસ્તાર હવે સ્માર્ટ સિટીની દિશામાં હરણફાળ ભરી રહ્યું છે. ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા સુઆયોજિત વિકાસ માટે એક અત્યંત મહત્વકાંક્ષી 'અર્બન એટલાસ પ્રોજેક્ટ' અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને સમગ્ર શહેરનું ડિજિટલ નકશાંકન કરવામાં આવશે, જે ભવિષ્યના શહેરી આયોજન માટે પાયારૂપ સાબિત થશે.

આ પ્રોજેક્ટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં UAV (ડ્રોન) દ્વારા એરિયલ સર્વે કરવામાં આવશે. આ ડ્રોન માત્ર ઉપરથી ફોટા જ નહીં પાડે, પરંતુ GIS (જિયોગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ) આધારિત એવો ડેટાબેઝ તૈયાર કરશે જેમાં શહેરની પ્રત્યેક મિલકતની વિગતો હશે. એટલું જ નહીં, જમીનની અંદર રહેલી સુવિધાઓ જેવી કે પીવાના પાણીની લાઈનો, ગટર વ્યવસ્થા, ગેસ પાઈપલાઈન અને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્કનું પણ સચોટ મેપિંગ કરાશે. આનાથી ભવિષ્યમાં જ્યારે પણ સમારકામ કે નવું આયોજન કરવાનું થશે, ત્યારે તંત્ર પાસે આંગળીના ટેરવે તમામ માહિતી ઉપલબ્ધ હશે.

રાજ્ય સરકાર દ્વારા આ ટેકનિકલ કામગીરી માટે એમનેક્સ ઈન્ફોટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. આ કંપનીની ટીમ દ્વારા ટૂંક સમયમાં જ કરમસદ-આણંદના વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈને સર્વેની કામગીરી શરૂ કરાશે.

### ભવિષ્યનું આયોજન થશે પારદર્શક

આ ડિજિટલ મેપિંગથી શહેરના સંશાધનોનું સંચાલન વધુ સરળ અને પારદર્શક બનશે. વરસાદી પાણીના નિકાલની લાઈનોથી લઈ વીજળીના નેટવર્ક સુધીની તમામ વિગતો એક જ પ્લેટફોર્મ પર હોવાથી વહીવટી તંત્ર વધુ સચોટ નિર્ણય લઈ શકશે. કરમસદ-આણંદને સ્માર્ટ અને સુવિધાયુક્ત બનાવવાના આ ભગીરથ કાર્યમાં જનભાગીદારી જ સફળતાની ચાવી બનશે.

### નાગરિકો માટે ખાસ સૂચના

- સર્વે માટે આવનાર ટીમ પાસે કંપનીનું અધિકૃત ઓળખપત્ર હશે.
- નાગરિકોએ સર્વે ટીમને સાચી અને સચોટ માહિતી આપી સહકાર આપવા અપીલ.
- આ કામગીરી સંપૂર્ણપણે સરકારી માળખા હેઠળ હોવાથી નિ:સંકોચ સહભાગી થવા વિનંતી.

---

# પેટલાદ પાસે રિક્ષા પલટી જતાં શરણાઈ વાદકનું મોત

**માણેજ-માનપુરા** રોડ પર અજાણ્યા બાઇકની ટક્કરે રિક્ષા પલ્ટી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૦

પેટલાદ તાલુકાના માણેજથી માનપુરા વચ્ચેના માર્ગ પર એક પુરઝડપે આવતા અજાણ્યા બાઈકે પેસેન્જર રિક્ષાને જોરદાર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રિક્ષા પલ્ટી ખાઈ જતાં સુંદરા ગામના એક મુસાફરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

પોલીસ વિગતો મુજબ, માણેજથી પેસેન્જરો ભરીને સુંદરા તરફ જઈ રહેલી રિક્ષાને સામેથી આવતા એક અજાણ્યા બાઈક (નંબર: GJ-૨૩-DZ-૪૨૧૯) ના ચાલકે પાછળના ટાયરના ભાગે જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે રિક્ષા રોડ પરથી નીચે ઉતરીને પલ્ટી ખાઈ ગઈ હતી.

આ ઘટનામાં રિક્ષા નીચે દબાઈ જવાથી સુંદરા ગામના રમેશભાઈ શિવાભાઈ રાવળને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને પ્રાથમિક સારવાર માટે પેટલાદ અને ત્યારબાદ વધુ સારવાર માટે કરમસદ હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યા હતા, પરંતુ રસ્તામાં જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. મૃતક રમેશભાઈ અને તેમના ભાઈ દિનેશભાઈ માણેજ સ્થિત મણીલક્ષ્મી મંદિરે શરણાઈ વગાડવાનું કામ પતાવીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. રિક્ષામાં સવાર અન્ય મહિલા મુસાફરોને પણ ઈજાઓ થઈ હતી. આ અંગે દિનેશભાઈ રાવળે ફરિયાદ નોંધાવતા પેટલાદ રૂરલ પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

---

**બીમારીની રજા બાદ હાજર થવા આવેલા ડ્રાઈવરને ગેરહાજર કરવાની ધમકી આપી પૈસા માંગ્યા**

# મહુધા એસટી ડેપોના ATIના ત્રાસથી કંટાળી ડ્રાઈવરે ઝેરી દવા પીતા ગંભીર

**લાંચની માંગણીના** આક્ષેપથી ચકચાર, કર્મચારીઓમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

મહુધા એસટી ડેપોમાં ફરજ બજાવતા એક ડ્રાઈવરે એટીઆઈ દ્વારા કરવામાં આવતી સતત હેરાનગતિ અને લાંચની માંગણીથી કંટાળી જઈને ડેપો પરિસરમાં જ ઝેરી દવા પી લેતા ખળભળાટ મચી ગયો છે. આ ઘટનાને પગલે એસટી નિગમના કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસે આ મામલે ગુનો નોંધી સઘન તપાસ હાથ ધરી છે.

કઠલાલ તાલુકાના કાકરખાડ ગામમાં રહેતા 46 વર્ષીય હિંમતસિંહ અંદરસિંહ ડાભી મહુધા ડેપોમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. ગત 29 જૂન 2026 ના રોજ પથરીના દુખાવાને કારણે તેઓ રજા પર ઉતરી ગયા હતા. જ્યારે તેઓ 2 જુલાઈના રોજ ફરી ફરજ પર હાજર થવા આવ્યા, ત્યારે ડેપોના એટીઆઈ અનિલભાઈ પટેલે તેમને ધમકી આપી હતી. આક્ષેપ છે કે એટીઆઈએ ડ્રાઈવર પાસે પૈસાની માંગણી કરી હતી અને જો પૈસા નહીં આપે તો ગેરહાજર મુકવાની તેમજ વધારે હેરાન કરવાની ધમકી આપી હતી.

ઉપરી અધિકારીના માનસિક ત્રાસ અને અપમાનથી અત્યંત હતાશ થયેલા હિંમતસિંહે ડેપો પરિસરમાં જ ટામેટીમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ તેઓ ત્યાં જ બેભાન થઈ ઢળી પડતા અન્ય કર્મચારીઓ દોડી આવ્યા હતા અને તેમને તાત્કાલિક સારવાર અર્થે નડિયાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સદનસીબે સમયસર સારવાર મળતા તેમનો જીવ બચી ગયો છે. હાલમાં મહુધા પોલીસે એટીઆઈ વિરુદ્ધના આક્ષેપોની ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

આ ઘટનાના એસટી વિભાગના અન્ય કર્મચારીમાં પણ ઘેરા પડઘા પડ્યાં છે. એસટી વિભાગમાં પણ ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંદર ખાને ચાલતી હોવાની પણ ચર્ચા પણ પ્રજાજનોમાં ઉઠી છે.

---

### ખેડાની ૨ કંપનીઓમાં ભીષણ આગ લાગતા માલસામાન ખાખ થયો



ખેડા તાલુકાના કનેરા ગામની સીમમાં આવેલી આસાન એન્ટરપ્રાઇઝ અને અરિહંત એન્ટરપ્રાઇઝ નામની 2 ખાનગી કંપનીઓમાં અચાનક આગ ફાટી નીકળવાની ઘટના બની હતી. આગની જાણ થતાં જ ખેડા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. આગનું સ્વરૂપ ગંભીર હોવાથી પરિસ્થિતિને પહોંચી વળવા અસલાલી અને નડિયાદથી પણ ફાયર બ્રિગેડની ટીમોને બોલાવવાની ફરજ પડી હતી. તમામ ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આ વિકરાળ આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. આ દુર્ઘટનામાં કંપનીમાં રહેલો લાખો રૂપિયાનો માલસામાન બળીને રાખ થઈ ગયો છે જ્યારે આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

---

# નડિયાદમાં રહેણાંક મકાનમાંથી ૫.૫૭ લાખનો દારૂ-બિયર ઝડપાયો

**એકની** ધરપકડ, બુટલેગર દંપતી અને ડ્રાઈવર સહિત ૪ સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે ઈન્દિરાનગરી વિસ્તારના લીમડાવાળા ફળિયામાં એક રહેણાક મકાનમાં દરોડો પાડી સાડા પાંચ લાખ રૂપિયાથી વધુની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી એક શખ્સની ધરપકડ કરી કુલ ૫.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે અને માલ સપ્લાય કરનાર બુટલેગર દંપતી તથા ડ્રાઈવર મળી કુલ ચાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ પશ્ચિમ પોલીસને બાતમી મળી હતી કે અર્જુન કનુભાઈ કાંગસીયા પોતાના મકાનમાં બહારથી દારૂ મંગાવી વેચાણ કરે છે. પોલીસે પંચોને સાથે રાખી દરોડો પાડતા મકાનના બેઠક રૂમમાંથી અને ઘરની બહાર આવેલા દરવાજા વગરના બાથરૂમમાંથી પૂંઠાના બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

આ દોરડામાં પકડાયેલા અર્જુનની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આ જથ્થો નડિયાદ મોટી કેનાલ સિવિલ રોડ પર રહેતા સચિન ઉર્ફે સસલો અંબુભાઇ ઠાકોર અને તેની પત્ની અલ્પાએ એક ઈનોવા ગાડીમાં ડ્રાઈવર મારફતે મોકલાવ્યો હતો. પોલીસે હાલમાં અર્જુન, સચિન, અલ્પા અને ડ્રાઈવર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

આ કાર્યવાહીમાં પોલીસે વિવિધ બ્રાન્ડના કુલ ૧૧૫૨ ક્વાર્ટર, ૧૦૮૦ બિયર ટીન અને મોબાઈલ મળી કુલ રૂ.૫.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નડિયાદ શહેર અને આસપાસના ગામોમાં દારૂનુ ચલણ વધી રહ્યું છે. હાલમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પણ દરોડા પાડવામાં આવતા જિલ્લાની અન્ય એજન્સી પણ સાવધ બની છે અને બુટેલગર વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

---

# આણંદ-નડિયાદ મનપાને ૫ વર્ષ સુધી સરકારી જમીન મફત મળશે

**ટ્રાન્ઝિશન** ફેઈઝમાં નાગરિક સુખાકારીના ૧૧ મહત્વના પ્રોજેક્ટ્સ માટે જમીનનો ખર્ચ નડશે નહીં





(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૦

રાજ્યની નડિયાદ અને આણંદ સહિતની નવી ૯ મનપામાં નાગરિકોને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ સત્વરે ઉપલબ્ધ થાય તે હેતુથી, આગામી પાંચ વર્ષ સુધી વિવિધ 11 જેટલા જાહેર હિતના પ્રોજેક્ટ્સ માટે જરૂરી સરકારી જમીન કોઈપણ કિંમત લીધા વિના એટલે કે વિનામૂલ્યે ફાળવવામાં આવશે.

સામાન્ય રીતે નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનતી વખતે આસપાસના વિસ્તારો ભળવાને કારણે ભૌગોલિક વિસ્તાર વધે છે અને આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે જમીન સંપાદન અને તેની કિંમત એક મોટો પડકાર હોય છે. મુખ્યમંત્રીના આ નિર્ણયથી આણંદ અને નડિયાદ જેવી ભૂતકાળની 'અ' વર્ગની નગરપાલિકાઓને હવે કોર્પોરેશન તરીકે સ્થિર થવા માટે જમીનના આર્થિક બોજમાંથી મુક્તિ મળશે. આ ઉપરાંત, જમીન ફાળવણીની પ્રક્રિયા જિલ્લા કક્ષાએ જ વધુ સરળ બનાવી દેવામાં આવી છે જેથી ફાઈલોના નિકાલમાં વિલંબ ન થાય.

### કયા ૧૧ પ્રોજેક્ટ્સ માટે જમીન મળશે?

નગર સેવા સદન (કચેરી મકાન) અને ફાયર સ્ટેશન.
સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP).
ભૂગર્ભ ગટર, ડ્રેનેજ પંપિંગ સ્ટેશન અને પાણી પુરવઠાના કામો.
સોલિડ-લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ.
આંગણવાડી, ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટર.

### કયા શહેરોને થશે સીધો ફાયદો?

આ નિર્ણયથી નડિયાદ અને આણંદ ઉપરાંત મહેસાણા, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ, સુરેન્દ્રનગર અને પોરબંદર મહાનગરપાલિકામાં શહેરી વિકાસના કામોમાં નવી ગતિ આવશે. આ સુવિધાઓના નિર્માણથી શહેરીજનોને ફાયર સ્ટેશન અને બાગ-બગીચા જેવી પાયાની જરૂરિયાતો હવે ખૂબ જ ટૂંકા સમયમાં પ્રાપ્ત થઈ શકશે.


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**